* * *

## ૧૧ (૯) બિનસરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સારાસારી હાજરીમાં પડતી તૂટ માફ કરવા અંગે

શિક્ષણ વિભાગ, ઠરાવક્રમાંક : બમશ-૧૧૯૫-૧૮૮૭-ગ,
સચિવાલય, ગાંધીનગર, તા. ૨૫-૮-'૯૫

*વંચાણે લીધો : શિ.વિ.નો ઠ.ક્ર. : બમશ-૧૧૮૬-૫૫૯-ગ, તા. ૫-૧-'૮૮*

ઠરાવ :

આમુખમાં દર્શાવેલ ઠરાવથી રાજ્યની બિનસરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કિસ્સામાં ૧૦ (દશ) સુધીની સરેરાશ હાજરીની તૂટ માફ કરવાની સત્તા ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીને આપવામાં આવેલ છે. તાજેતરમાં ખોટા વિદ્યાર્થીઓ અને ખોટા વર્ગોની ઝુંબેશ દરમિયાન આવા વિદ્યાર્થીઓની સંખ્યા અંગે ગ્રાન્ટપાત્રતા માટે ઓછામાં ઓછી સરાસારી હાજરી અંગે પ્રશ્ન ઉપસ્થિત થાય અને તૂટ પડે તો પૂરતા રજિસ્ટર્ડ વિદ્યાર્થીઓ ઉપલબ્ધ ન હોય તો પણ કમિશનરશ્રી તેમની કક્ષાએ પૂરતી ચકાસણી કરી, વર્ગો ઘટતા ઘટતાં જે છેલ્લો વર્ગ રહે તે વર્ગમાં ૧૦ (દશ) વિદ્યાર્થીઓ સુધીની તૂટ માફ કરવાની સત્તા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ કમિશનરશ્રીની રહેશે, એટલે અંશે ગ્રાન્ટ-ઇન-એઇડ કોડનો નિયમ-૯૬ સુધારેલો ગણવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, અશ્વિન ભાવસાર,
સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ

* * *

## 89 (૨) બિનસરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (વ્યવસાયલક્ષી સહિત)માં સરાસરી હાજરીમાં પડતી તૂટ માફ કરવા અંગે

જિ.શિ.અ.ની કચેરી, ક્રમાંક : ૩/૧૫/મબશ/સહા/૯૫-૯૬

પાટનગર યોજના ભવન, એલિસબ્રિજ, અમદાવાદ, તા. ૧૪-૧૨-'૯૫

પ્રતિ,

આચાર્યશ્રી, (તમામ)

બિનસરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓ

અમદાવાદ શહેર, અમદાવાદ

સંદર્ભ: (૧) શિક્ષણ વિભાગનો ઠરાવક્રમાંક : બમશ-૧૧૯૫-૧૮૮૭-ગ, તા. ૨૫-૮-'૯૫

(૨) ઉચ્ચ શિક્ષણ કમિશનરનો પત્રક્રમાંક : બમશ-અનદ-૨/સરાસરી હાજરી-૨૪૬૨૫-૪૪, તા. ૨૧-૧૦-'૯૫

વિષય: બિનસરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (વ્યવસાયલક્ષી સહિત)માં સરાસરી હાજરીમાં પડતી તૂટ માફ કરવા બાબત.

ઉપરોક્ત વિષય પરત્વે સંદર્ભમાં જણાવેલ શિક્ષણ વિભાગના ઠરાવથી ગ્રાન્ટ-ઈન-એઈડ કોડના નિયમ-૯૬માં સુધારો કરી ખૂટતી સરાસરીમાં ૧૦ (દશ) વિદ્યાર્થીઓ સુધીની તૂટ માફ કરવાની સત્તા ઉચ્ચ શિક્ષણ કમિશનરને આપેલ છે.

હાલમાં રાજયમાં સરકાર દ્વારા હાથ ધરાયેલ ભૂતિયા વર્ગો / વિદ્યાર્થીઓ શોધી કાઢવાની ઝુંબેશના કારણે વર્ગમાં વિદ્યાર્થીઓની નિયમાનુસાર ઠરાવેલ પૂરતી રજિસ્ટર્ડ સંખ્યા જળવાતી ન હોય તેવા સંજોગોમાં સંદર્ભમાં જણાવેલ ઠરાવની જોગવાઈ મુજબ આપની શાળામાં હાજરી તૂટ પડતી હોય તો ખૂટતી સરાસરી હાજરીની તૂટ (૧૦ વિદ્યાર્થીઓની મર્યાદામાં) સરાસરી હાજરી માફ કરવાની નિયત નમૂનામાં પ્રવાહવાર અલગ અલગ દરખાસ્ત બે નકલમાં આ કચેરીમાં મોકલી આપશો. જો શાળામાં સરાસરી હાજરીમાં તૂટ પડેલ હશે અને દરખાસ્ત શાળાએ નહિ કરેલ હોય તો શાળામાં અનુદાન તેમજ અન્ય બાબતે જે પ્રશ્ન ઉપસ્થિત થશે તે બાબતે શાળાના આચાર્યશ્રીની જવાબદારી રહેશે જેની નોંધ લેશો.

સહી, સત્તાધિકારી

જિ.શિ.અ., અ'વાદ શહેર

***

## 90 (૩) બિનસરકારી માધ્યમિક શાળાઓની સરાસરી હાજરી કોન્ડોન કરવા અંગે

ઉ.શિ.ક.ની કચેરી, ક્રમાંક : અનદ-૨/બમશ/ઘ/માધ્ય/હાજરી કોન્ડોન/૧૧૦૬૭-૮૬

ગાંધીનગર, તા. ૨૪-૬-'૯૬

પ્રતિ,

જિલ્લા-શિક્ષણાધિકારીશ્રી (તમામ)

વિષય : બિનસરકારી માધ્યમિક શાળાઓની સરાસરી હાજરી કોન્ડોન કરવા બાબતે.

ઉપરોક્ત વિષય અન્વયે રાજયની બિનસરકારી માધ્યમિક શાળાઓની સરાસરી હાજરી કોન્ડોન કરવા સંબંધમાં પૂરતા આધારો વગર શાળાઓ દ્વારા અત્રે સીધી દરખાસ્ત મોકલી આપવામાં આવે

છે. તો કેટલીક વખત આપની કચેરી દ્વારા નિયત નમૂનામાં યોગ્ય આધારો, વિગતો અને સ્વયંસ્પષ્ટ ભલામણ વગરની દરખાસ્તો અત્રે મોકલવામાં આવે છે જે યોગ્ય નથી. તો આ સંબંધમાં નીચેની સૂચનાઓ ધ્યાને રાખવી :

(૧) દરખાસ્ત નિયત નમૂનામાં અને સંપૂર્ણ આધારો તૂટનાં કારણો અને આપના સ્પષ્ટ અભિપ્રાય સાથેની હોવી જોઈએ.

(૨) છેલ્લાં પાંચ વર્ષમાં વર્ગોની, વિદ્યાર્થીની હાજરી દર્શાવતું પત્રક હોવું જોઈએ.

(૩) જે વર્ષની હાજરી કોન્ડોન કરવાની હોય તે વર્ષની રજિસ્ટર સંખ્યા બાર માસના હાજરી, સરેરાશ હાજરી અને તે આધારે સરેરાશ તૂટની સંખ્યા જણાવવી જોઈએ.

(૪) દરખાસ્તમાં રજિસ્ટર સંખ્યા અવશ્ય દર્શાવવી જોઈએ અને આ રજિસ્ટર સંખ્યામાં ભૂતિયા વિદ્યાર્થીઓની સંખ્યા ન હોવી જોઈએ.

(૫) વર્ગોની સંખ્યામાં ભૂતિયા વર્ગો અને ખોટી હાજરી પુરાતી ન હોય તેની ચકાસણી કરવી જોઈએ.

(૬) વર્ગોની સંખ્યાને ધ્યાને લઈ નિયમ મુજબ દરેક ધોરણનો પ્રથમ વર્ગ પૂર્ણ સંખ્યાથી બંધાયા બાદ જ બીજા વર્ગની સંખ્યા ધ્યાને લઈને આ રીતે જે-તે ધોરણના છેલ્લા વર્ગની હાજરીની તૂટ કોન્ડોન કરવાની દરખાસ્ત કરવી જોઈએ, આમ કરતાં પહેલાં વર્ગઘટાડાની જરૂર પડે તો તે આનુષંગિક ઘટિત પગલાં ભરીને વર્ગઘટાડાની કાર્યવાહી અપનાવવી જોઈએ.

(૭) તૂટનાં કારણો વાજબી અને પૂરતાં હોવા જોઈએ અને તેની ચકાસણી કરવી જોઈએ.

(૮) આમ સ્વયંસ્પષ્ટ અને યોગ્ય રીતે ક્ષતિરહિત દરખાસ્ત અત્રે મોકલવી જોઈએ. દરખાસ્તનો નમૂનો આ સાથે સામેલ છે.

(૯) ૧૦ કિલોમીટરની ત્રિજ્યામાં અન્ય સંસ્થાઓ આવેલી હોય તો આવી પાસપાસેની સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની તૂટ હોય તે નિવારીને જરૂર જણાય ત્યાં તે આનુષંગિક પગલાં ભરવા જોઈએ જેથી કરીને બંને સંસ્થાની હાજરીની તૂટ માફ કરવાના પ્રશ્નો ન બને.

ઉપરોક્ત બાબતો ધ્યાને રાખીને દરખાસ્તો અત્રે મોકલવા સૂચના આપવામાં આવે છે.

સહી, પુ. વી. પટેલ

સંયુક્ત શિ. નિ. (માધ્ય.) ગાંધીનગર.

***

... શાળાઓમાં ધોરણ ૧૧-૧૨માં

# માધ્યમિક શાળામાં વિદ્યાર્થીઓની સરાસરી હાજરીની તૂટ માફ કરવા અંગે

સરાસરી હાજરી કોન્ડોન કરવા માટે અરજીપત્રક

(ઉ.શિ.ક. પરિપત્ર : અનદ-૨-બમશ-માધ્ય/હાજરી કોન્ડોન/૧૧૦૬૭-૮૬ તા. ૨૪-૬-૯૬)

૧. શાળાનું નામ અને પૂરે પૂરું સરનામું (તાલુકા, જિલ્લા સાથે)

૨. શાળા શરૂ થયાનું વર્ષ

૩. સંચાલકમંડળનું નામ અને પૂરેપૂરું સરનામું

૪. શાળા શહેર વિસ્તારની છે કે ગ્રામવિસ્તારની

૫. શાળાથી ૧૦ કિ.મી. અંતરે આવેલી શાળાઓનાં નામ

૬. શાળાની નજીકમાં આવેલી ઔદ્યોગિક વિસ્તાર, સંવેદનશીલ વિસ્તાર, પછાત વિસ્તાર, લઘુમતી વિસ્તાર આવેલ હોય તો તેની આધારો સાથેની વિગતો.

૭. શાળા જ્યાં આવેલી છે તે વિસ્તાર, ગામની વસતી. (તાલુકા મામલતદારા પ્રમાણપત્રના આધાર સાથે)

૮. ૧૦ કિ.મી.ના અંતરે આવેલી શાઓની વિગતો :

| ક્રમ | શાળાનું નામ | ધોરણ | વર્ગો | વિદ્યાર્થીઓ |
|---|---|---|---|---|

૯(અ) શાળાના વર્ગોની સરાસરી હાજરીના તૂટ માફ કરવાની વિગત :

| વર્ષ | ધોરણ | વર્ગોની સંખ્યા | વિદ્યાર્થીઓની રજિસ્ટર સંખ્યા | સરેરાશ હાજર સંખ્યા | સરેરાશ તૂટની સંખ્યા |
|---|---|---|---|---|---|

૯(બ) જે વર્ષની હાજરીની તૂટ માફ કરવાની છે તે વર્ષના બાર માસ સુધીની માસ વાર હાજરીની વિગત :

| ક્રમ | માસનું નામ | ધોરણ | વર્ગ | રજિસ્ટર સંખ્યા | હાજરી | - તૂટી | કુલ સરેરાશ |
|---|---|---|---|---|---|---|---|

(પારા ૯(અ)ના નમૂનામાં અલગ પત્રકથી આપવી.)

૧૦. છેલ્લાં પાંચ વર્ષની સરેરાશ હાજરી

૧૧. આગળનાં છેલ્લાં પાંચ વર્ષમાં જો કોઈ ધોરણ/વર્ગની સરાસરી હાજરી કોન્ડોન કરાવેલી હોય તો તેની વિગત : (હુકમની ઝેરોક્ષ નકલ જોડવી)

| વર્ષ | ધોરણ | વર્ગની સંખ્યા | વિદ્યાર્થી સંખ્યા | તૂટતી સંખ્યા |
|---|---|---|---|---|

૧૨. સરેરાશ હાજરી કોન્ડોન કરવાની છે તેનાં સચોટ અને વાજબી કારણો (આધાર સાથે)

ઉપરોક્ત માહિતી મેં જાતે સંસ્થાના રેકર્ડના આધારે દર્શાવેલ છે, અને આ દર્શાવેલ માહિતી સાચી છે. જો તે ખોટી માલૂમ પડશે તો હું અંગત રીતે જવાબદાર ઠરીશ.

સ્થળ :

તારીખ :

આચાર્યની સહી અને સીક્કો